સુવિચાર : ફક્ત ભલાઈ રહી જાય છે, બાકી બધી વસ્તુઓ નાશ પામે છે - જાપાની કહેવત

**તાપમાન**
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૪૮ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૧૯ | ૩૧ જાન્યુઆરી, ૨૦૧૬, રવિવાર ; પોષ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




# પાન કાર્ડના ઉપયોગને વિસ્તૃત કરવા ભલામણ

## પાર્થશારથી શોમ સમિતિની શ્રેણીબદ્ધ ભલામણમાં વિવાદ નિરાકરણ વ્યવસ્થા ફરી સ્થાપિત કરવા સૂચન : ઇશ્વર કમિટિ દ્વારા પણ કેટલીક ભલામણો થઇ

નવી દિલ્હી,તા. ૩૦ બજેટ આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે બજેટમાં સરકાર કેટલાક મહત્વના પગલા કરદાતાઓ માટે લેવા જઈ રહી છે. જેની ચર્ચા હાલમાં ચાલી રહી છે. સરકાર બજેટમાં સરળ કરવેરા વ્યવસ્થાની જાહેરાત કરી શકે છે.પાર્થશારથી સોમના નેતૃત્વમાં પેનલ દ્વારા જે ભલામણ કરવામાં આવી છે તેમાં સૌથી મહત્વપૂર્ણ ભલામણ પરમાનેન્ટ કાઉન્ટ નંબરના ઉપયોગને વધારે વિસ્તત બનાવવાની ભલામણનો સમાવેશ થાય છે. સાથે સાથે રેવેન્યુ સેક્રેટરીની પોસ્ટને નાબુદ કરવાની પણ ભલામણ કરી છે. વિવાદ નિરાકરણ વ્યવસ્થાને નવેસરથી તૈયાર કરવાની પણ તેની ભલામણ છે. કરદાતાની સર્વિસને સુધારવા માટે પણ મહત્વપૂર્ણ સુચન શોમ પેનલ દ્વારા કરવામાં આવ્યા છે. હાલમા બે પેનલ દ્વારા જુદી જુદી ભલામણ કરી છે. રસપ્રદ બાબત એ છે કે બન્ને પેનલો દ્વારા કરવેરાની વ્યવસ્થાને વધુ સરળ કરવાની ભલામણ કરી છે. જે બે પેનલ દ્વારા ભલામણ કરવામાં આવી છે જેમાં પાર્થસાર્થી અને વી. ઈસ્વર પેનલનો સમાવેશ થાય છે.

આરવી ઈશ્વર કમિટિ દ્વારા કરવામાં આવેલી ભલામણ મુજબ કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતો ટીડીએસના મોરચે કરવામાં આવી શકે છે. અધિકારીઓનું કહેવું છે કે, ટેક્સ ડિડેક્ટેડ એટ સોર્સ (ટીડીએસ) રેસમાં તથા થ્રેસહોલ્ડમાં ફેરફારથી રેવન્યુ ઉપર કોઈ પ્રતિકુળ અસર થશે નહીં જેથી આ વિચારણા ચાલી રહી છે.













